લેવાની કાળજી રાખો.

- એક થી વધુ દૂઝણાં પશુઓને દોહવાના થતા હોય તો એક પશુને દોહયા બાદ હાથ ધોયા પછીજ બીજા પશુંનું દોહન કરો.
- દૂધ દોહન બાદ પશુ ૧૫ થી ૨૦ મીનીટ સુધી બેસી ન જાય તેની કાળજી રાખો, દોહનની ૧૫ થી ૨૦ મીનીટ બાદ જ આંચળના કાણાં બિડાઈ જાય છે.
- આઉના સોજામાં તુરત જ સારવાર કરાવો.
- વિયાણ સમયે નવજાત બચ્ચાની ખાસ કાળજી રાખો અને નવજાન બચ્ચાને વિયાણ પછી અડધા કલાક સુધીમાં ખીરૂ પીવડાવો, જેથી રોગ પ્રતિકારક શક્તિ વધારી શકાય.
- બચ્ચાના જન્મ બાદ નાડીને બે ઈંચ અંતરે કાપી દોરા વડે બાંધી ટીંચર આયોડીન લગાડો.
- પાડી કે વાછરડીઓના યોગ્ય વિકસ માટે તેમને બે મહિનાની ઉંમર સુધી દરરોજ દૂધ પીવડાવો.
- બચ્ચાને ચાર માસની ઉંમરે ખરવા મોંવાસા રોગની અને છ માસની ઉંમરે ગાંઠીયો તાવ, ગળસૂંઢો રોગની રસી મુકાવો તથા બચ્ચાને જન્મ બાદ એકવીસમાં દિવસે કૃમિનાશક દવા પાઈપરાઝીન ૧૫ મી.લી. આપો તે પછી ૬ થી ૮ મહિના સુધી દર મહિને એકવાર કૃમિનાશક દવા આપો.
- ૩ થી ૬ માસ ઉંમરની વાછરડી-પાડીઓમાં વધારે વૃધ્ધિ દર મેળવવા માટે ૮૫૦ ગ્રામ કપાસીયા ખોળ અને ૫૦૦ ગ્રામ સમતોલ દાણ ખવડાવો.
- દુધાળા પશુને રોજનું ૧.૫ થી ૨.૦ કિલો અઝોલા અન્ય પશુદાણ સાથે મિક્ષ કરીને ખવડાવવાથી દૂધમાં ૮ થી ૧૫ ટકાનો વધારો કરી શકાય છે તેમજ દાણમાં બચત કરી શકાય

भाकृअनुप ICAR

Ganpat University
॥ विद्यया समाजोत्कर्षः ॥

# નફાકારક પશુપાલન માટે આટલુ કરો



ડૉ. શરદ એમ. સોની | ડૉ. રમેશ એ. પટેલ

Ganpat University
॥ विद्यया समाजोत्कर्षः ॥

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા**
ગણપત વિદ્યાનગર-૩૮૪ ૦૧૨, મહેસાણા-ગાંધીનગર હાઈવે,
તા.જી. મહેસાણા (ઉ.ગુ.) ફોન : ૦૨૭૬૨-૨૮૯૧૮૯
E-mail : kvkmehsana@ganpatuniversity.ac.in
Web: www.kvkmehsana.org

**પ્રકાશક**
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા
ગણપત યુનિવર્સિટી

- પશુની પસંદગી કરતી વખતે આ બાબતો ધ્યાનમાં રાખો. તાજી વિયાયેલી બચ્ચા સાથેની કે બીજા અથવા ત્રીજા વેતરમાં હોય તો વધારે સારૂ, સરેરાશ ૮ લીટર જેટલું દૂધ ઉત્પાદન, જાડી વાંકી ચૂકી દૂધિયા નસ વાળી, પહોળી ભરાવદાર છાતી, ખુલતા નસકોરા, તેજસ્વી આંખો, ચળકતી લીસી અને પાતળી ચામડી, ફાચર આકારનું શરીર, સુવિકસીત ચુસ્ત આઉવાળુ અને દોહન પછી આઉ સંકોચાઈ જાય તેવું અને ખોડ ખાંપણ વગરનું દૂધાળું પશુ પસંદ કરો.
- કૃત્રિમ બીજદાનથી પશુઓને ફેળવવાનો (સંવર્ધન) આગ્રહ રાખો, જેથી આ નવા જન્મેલા પશુધનના દૂધના ઉત્પાદન અને ઉત્પાદકતા શક્તિમાં વધારો થશે.
- ગાય કે ભેંસ તેના વિયાણ પછીના ત્રણ મહિનામાં ગાભણ થવી જોઈએ, યાદ રાખો કે તમને એકવાર ફેળવવાનું ચૂકી જાઓ છો એટલે રૂા.૧૦૦૦ થી રૂા.૧૨૦૦ નું નુકશાન થાય છે.
- ન ફળતા પશુઓને વહેલી તકે યોગ્ય ડૉક્ટરી તપાસ કરાવી સારવાર કરવવી જેથી પશુઓ લાંબા સમય સુધી બિન ઉત્પાદક ન રહે.
- પશુઓ ગરમીમાં આવ્યેથી બારથી અઢાર કલાક દરમ્યાન ફેળવવા કે કૃત્રિમ બીજદાન કરાવવાનો આગ્રહ રાખો.
- લાંબો સમય ગરમીમાં રહેતા પશુઓને ૨૪ કલાકના અંતરે બે વખત બીજદાન કરાવો.
- પશુઓ બીજદાન કરાવ્યા બાદ ફરીથી ગરમીમાં ન આવે તો બે થી ત્રણ મહિનામાં ગર્ભપરિક્ષણ કરાવવાનો આગ્રહ રાખો.
- પશુના ગર્ભકાળના છેલ્લા બે માસમાં પ્રત્યેક ગાભણ પશુને તેના રોજના પશુઆહાર ઉપરાંત બે કિ.ગ્રા. વધારાનું દાણ આપો.
- પશુઓને જે ઘાસચારો ખવડાવો તેના ત્રીજા ભાગ કઠોળ વર્ગનો ચારો હોવો જોઈએ.
- સમતોલ દાણમાં ૩૦ ગ્રામ ચીલેટેડ મિનરલ મીક્ષ્ચર પાવડર અને ૫૦ ગ્રામ મીઠું રોજ આપવાનો આગ્રહ રાખો જે પશુ શરીરના વિકાસ, પ્રજનન તથા ઉત્પાદન માટે ખૂબ જ જરૂરી છે.
- હંમેશા લીલો, સૂકો ઘાસચારો ટુકડા કરીને જ ખવડાવવાનો આગ્રહ રાખો, જેને લીધે ૧૫-૨૦ ટકા ઘાસચારાનો બચાવ કરી શકાય.
- લીલા ઘાસનું અથાણું (સાઈલેઝ) બનાવી ઉનાળાની સીઝનમાં પણ લીલોચારો ખવડાવો.
- યુરીયા પ્રક્રિયા દ્વારા ઘઉંનું ભુસુ તેમજ ડાંગરના પરાળની પોષકતા વધારી તેને ખવડાવવાનો આગ્રહ રાખો જેથી દાણના ખર્ચમાં ઘટાડો થાય.
- હંમેશા પાકી ગમાણમાં જ નિરણ કરો.
- પશુઓને ઉનાળામાં બપોરના સમયે રોજે રોજ નવડાવો.
- રહેઠાણ હંમેશા જમીન પર પાણીનો નિકાલ થતો હોય તેવી ઉંચી જગ્યાએ રાખો.
- રહેઠાણની લંબાઈની દિશા પૂર્વ-પ્રશ્ચિમ રાખો જેથી હવાની અવર-જવર બરાબર થાય.
- રહેઠાણમાં જ પશુઓને પીવાના પાણીની વ્યવસ્થા કરો. શિયાળામાં એકદમ ઠંડા પાણીને બદલે હુંફાળું પાણી અને ઉનાળામાં ઠંડુ પાણી પીવડાવો.
- હવાડાને દર ૧૫ થી ૨૦ દિવસે ચુનાથી લીંપી રાખવાનો આગ્રહ રાખો જેથી પશુને કુદરતી કેલ્શિયમ મળી રહે અને પાણી ચોખ્ખુ રહે.
- શિયાળાની ઋતુમાં અતિશય ઠંડા સીધા પવનથી પશુઓને બચાવવા કોથળાનો ઉપયોગ કરો.
- દૂધાળા પશુઓને ચોમાસા પહેલાં અને પછી કૃમિનાશક દવા પિવડાવો, તેમજ ચેપી રોગ સામેની રસી નિયત સમયે મુકાવો.
- પશુઓને સવાર-સાંજે ચોક્કસ સમયે દોહવાનું રાખો.
- દોહતા પહેલા પશુઓના પાછળનો ભાગ સાફ કરો અને આઉ તથા આંચળને પોટશીયમ પરમેંગેનેટના દ્રાવણથી ધોઈ ચોખ્ખા કપડાંથી સાફ કરો.
- દોહતી વખતે અંગુઠો બહાર રાખી મુઠ્ઠી પદ્ધતિથી દોહવાનો આગ્રહ રાખો તેમજ ૫ થી ૭ મિનિટમાં સંપૂર્ણ દૂધ દોહી